Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Multi-Disciplinary - ISSN : 2279-0268

Continuous Issue - 22 | December – February 2018

# ગ્રંથાલય : જાહેર જનતા માટે એક વિશ્વવિદ્યાલય

## Library : A People's University

**સાર : (Abstract)**

*જીવન એક એવી પ્રક્રિયા છે કે જે સતત આગળ વધવાની પ્રેરણા પૂરી પાડતું રહે છે અને તેનું કારણ છે મનુષ્યની જીજ્ઞાસાવૃત્તિ. જો કે મનુષ્યની જીજ્ઞાસાની પૂર્તિ માટે કોઇ ને કોઇ સંસ્થા અને તેના સંશાધનો મદદરૂપ થતા હોય છે. પ્રાચિન સમયની તુલનામાં વર્તમાન સમય વિવિધતા અને અચરજથી ભરેલો છે. જેમ કે નિર્જિવ સાધનો દ્વારા ઘર, ઓફિસ કે ગ્રંથાલયો ને ચલાવવામાં આવે, અંધ વ્યક્તિઓ દ્વારા લૂંટ ચલાવવામાં આવે, રસ્તા પર વાહનો ચલાવતા હોઈએ અને ટ્રાફિક નિયમો તોડવામાં આવે તો ઘર પર જ દંડ રૂપે નોટિસ મળી જાય. દુનિયાના કોઇપણ ખૂણે રહેતા હોય અને અન્ય કોઈ ખૂણેથી માહિતીની જરૂરિયાત ઉભી થાય અને મળી જાય તે પણ સમય-શ્રમ-નાણાના બગાડ વગર!*

*આ પ્રકારની વાતો કે જે ઉપર દર્શાવેલ છે તે શેખચલ્લીની વાતો સાથે જ સરખાવી શકાય, આકાશમાં દિવસે તારા ગણવા બરાબર કહેવાય. પરંતુ આ શક્ય છે અને આવનાર સમયમાં વિશેષ સગવડતા હશે કારણ એક જ કે વર્તમાન યુગ S & T નો છે. ગ્રંથાલય ક્ષેત્ર અને વ્યવસાય પણ આ જ સમૂહમાં આવે છે કારણ મનુષ્ય હમેંશા પરિવર્તન ઝંખે છે.*

**ચાવીરૂપ શબ્દો : (Keywords)**

*ગ્રંથાલય, માહિતી કેન્દ્રો, સામાજિક સંસ્થા, ઔપચારિક શિક્ષણ, અનૌપચારિક શિક્ષણ, માહિતી ટેકનોલોજી, ગ્રંથાલય સેવા, ઉપયોગકર્તા, ગ્રંથાલય વિજ્ઞાનના પાંચ સુત્રો.*

**પ્રસ્તાવના : (Introduction)**

માનવજીવન તબક્કાઓ માંથી પસાર થાય છે અને આ તબક્કો એક ક્રાંતિ કહી શકાય છે. સમાજ જીવન જો તબક્કાઓમાં વિભાજીત કરવામાં આવે તો,

- ખેતિ પ્રધાન સમાજ જીવન
- ઉદ્યોગ પ્રધાન સમાજ જીવન
- માહિતી પ્રધાન સમાજ જીવન

વર્તમાન સમય માહિતી પ્રધાન સમાજ જીવન ગણાવી શકાય છે કે જેમાં માહિતી અને વિચારોની આપ-લે મનુષ્યો વચ્ચે થતી જ રહે છે અને તેનું કારણ મનુષ્ય એ એક સામાજિક પ્રાણી છે. પરંતુ અર્વાચિન સમય સંજોગોમાં જ્ઞાન અને માહિતીનો વ્યાપ વિશાળ બની ગયો છે કે જેનો એકલા હાથે અભ્યાસ શક્ય નથી અને આથી જ ગ્રંથાલયોનું પ્રદાન ખુબજ વધી ગયું છે. મનુષ્યની સિમિત શક્તિઓને ધ્યાનમાં રાખીને ગ્રંથાલય દ્વારા જ સમાજનો વિકાસ સાધી શકાય છે.

ગ્રંથાલય એ ભારતિય ગ્રંથાલયશાસ્ત્રના પિતામહ ડૉ. એસ. આર. રંગનાથનના જણાવ્યા અનુસાર વાંચનસામગ્રી, કર્મચારીગણ અને ઉપયોગકર્તા વર્ગનું સંગમ સ્થાન છે, કે જ્યાં વિવિધ પ્રકારની માહિતી વિવિધ સ્ત્રોતોમાં રહેલી હોય છે. અને જ્યાં સુધી માહિતીના ઉપયોગકર્તાઓનો ખ્યાલ મેળવવામાં ન આવે ત્યાં સુધી ગ્રંથાલય અને માહિતી સેવાનું આયોજન કરવાનું મુશ્કેલ છે. કારણકે પ્રત્યેક આર્થિક પ્રવૃત્તિનું ચાલકબળ એ ગ્રાહક છે. તેવી જ રીતે ગ્રંથાલયોનું ચાલકબળ ઉપયોગકર્તા છે. આ ઉપયોગકર્તાને ગ્રંથાલય કર્મચારીઓ દ્વારા જરૂરિયાત અનુસાર વિવિધ સેવા પુરી પાડવામાં આવે છે.

ગ્રંથાલય એ વિદ્યાલય, મહાવિદ્યાલય, વિશ્વવિદ્યાલય, સંશોધન સંસ્થાઓ, સાંસ્કૃતિક સંસ્થાઓ, કલા વિજ્ઞાન સંસ્થાઓ, આનંદ અને મનોરંજન સંસ્થાઓની જેમ જ એક સામાજિક સંસ્થા છે જે સમાજની કેટલીક ચોક્કસ જરૂરિયાતોની પૂર્તિ કરે છે. અન્ય સંસ્થાઓ કોઇ એક જરૂરિયાત સાથે સંકળાયેલ હોય છે. જ્યારે ગ્રંથાલયો વિવિધ જરૂરિયાત પૂર્તિનું સાધન છે અને એટલે જ ગ્રંથાલય એક વિશ્વવિદ્યાલય છે.

**અર્થ અને વ્યાખ્યા : (Meaning & Definition)**

English Word Library કે જેનું હિન્દી અથવા ગુજરાતી રૂપાંતર ગ્રંથાલય થાય છે. જે મુળ સ્ત્રોત LIBER અને LIBRA **ગણાવી** શકાય છે જો કે Latin ભાષાના શબ્દ LIBRARIA માંથી LIBRARY શબ્દ બનેલ છે. જેનો અર્થ House of Book થાય છે. ગ્રંથાલયના સંદર્ભમાં વાંચવા માટે અથવા ઉપયોગ માટે શબ્દ ખુબ મહત્વરૂપ છે.

વર્તમાન સમયમાં R.S. એટલે કે Resource Sharing શબ્દ Library સાથે સંકળાયેલ શબ્દ છે. તેમજ Co-operation અને Network જેવા સમાનાર્થી શબ્દો સાથે સંકળાયેલ છે. અહી Give & Take અથવા You Share With Me & I Share With You સિદ્ધાંત ધ્યાનમાં રાખવામાં આવે છે તેમજ Interactive Computer System અને Telecommunication જેવા Tools દ્વારા કાર્ય થાય છે.

સરળ વ્યાખ્યા એ રીતે આપી શકાય કે,

- ગ્રંથાલયમાં માહિતી સામગ્રીનો સંગ્રહ હોય છે.
- ઉપયોગકર્તાની જરૂરિયાત સંતોષવાનો ધ્યેય હોય છે.
- ગ્રંથાલય એક જાહેર સંસ્થા તરીકે કાર્યરત હોય છે.
- પ્રત્યેક વ્યક્તિ માત્ર ને ભેદભાવ રહિત આજીવન શિક્ષણ પુરૂ પાડવામાં આવે છે.

જ્યારે Encyclopaedia Britannica માં ગ્રંથાલયની વ્યાખ્યા નીચે પ્રમાણે છે.

Collection of books and other literary materials gathered for purpose of reading, study or reference.

અન્ય શબ્દમાં વ્યાખ્યા રજુ કરીએ તો, ગ્રંથાલય એક એવી સંસ્થા છે જે માહિતી અને જ્ઞાનનું સંકલન, સંગ્રહ, પ્રક્રિયા, વ્યવસ્થા, વિતરણનું કાર્ય કરે છે.

**ગ્રંથાલય પ્રાચિન અને વર્તમાન સમય : (Ancient and Present Period of Library)**

પ્રાચિન સમયમાં જ્ઞાન પ્રાપ્તિ કરવા તથા ગ્રંથોનું અધ્યયન કરવાનો અધિકાર સમાજના મર્યાદિત લોકોને જ પ્રાપ્ત થયો હતો. આ સમયમાં ગ્રંથ હસ્તલિખિત હતા જેથી સામાન્ય વ્યક્તિઓ માટે તેનો ઉપયોગ દુર્લભ હતો અને ગ્રંથાલયોમાં ગ્રંથોની સુરક્ષા માટે ખુબજ ધ્યાન રાખવામાં આવતું હતું. જ્યારે આધુનિક ગ્રંથાલયમાં ઉપયોગકર્તાને માહિતી પ્રાપ્તિમાં જરા પણ મુશ્કેલી ન પડે તે વાતનું ધ્યાન રાખવામાં આવે છે જે ગ્રંથાલયોનું વાસ્તવિક રૂપ છે. એટલેજ તે જ્ઞાન અને માહિતીનું વિતરણ કરતી સંસ્થા કહેવાય છે. પ્રાચિન સમયના સમાજશાસ્ત્રીઓ, વિદ્વાનો અને શિક્ષણકારો એ એટલે જ ગ્રંથાલયને લોક વિશ્વવિદ્યાલયનું બિરુદ આપેલ છે.

ડૉ. એસ. આર. રંગનાથને ગ્રંથાલય શાસ્ત્રને જે અમૂલ્ય પાંચ સુત્રોની ભેંટ આપેલ છે તે પાંચ સુત્રો અને આધુનિક સમયમાં તેનું બદલાતું સ્વરૂપ નીચે મુજબ સ્પષ્ટ કરી શકાય છે કે,

- પુસ્તકો ઉપયોગ માટે છે.
- દરેક વાંચકને તેનું પુસ્તક મળવું જોઇએ.
- દરેક પુસ્તક ને તેનો વાંચક મળવો જોઇએ.
- વાંચકો અને કર્મચારીઓનો સમય બચાવવો.
- ગ્રંથાલય ચિરવર્ધમાન સંસ્થા છે.

**આ સુત્રને બદલાતા સમય પ્રમાણે મુળ ભાવ સાથે દર્શાવેલ છે તેમાં,**

- Links are for use.
- Every surfer his or her link.
- Every links its surfer.
- Save the time of the surfer.
- The web is a growing organism.

**અહી Links નાં બદલે Web Resources શબ્દ પણ એટલોજ ઉપયોગી છે.**

આમ જ્ઞાન અને માહિતી જે પહેલા મુદ્રિત સ્વરૂપમાં ઉપલબ્ધ હતા પરંતુ આજે અન્ય સ્વરૂપો જેમ કે ઈલેક્ટ્રોનિક સ્વરૂપમાં પણ ઉપલબ્ધ છે. પરંતુ ગ્રંથાલયની બધીજ સેવાઓ માહિતી કેન્દ્રીત તથા ઉપભોક્તા કેન્દ્રીત છે.

**સામાજિક સંસ્થા અને ગ્રંથાલય : (Social Institute and Library)**

મનુષ્ય એ સામાજિક પ્રાણી હોવાના કારણે સમાજમાં રહીને જ સભ્યતા, સંસ્કૃતિ અને સામાન્ય જ્ઞાનનો વારસો પ્રાપ્ત કરે છે, એ ખરુ પરંતુ અર્વાચિન સમય સંજોગોમાં, પ્રગતિની હરણફાળમાં માહિતી અને જ્ઞાન પ્રાપ્ત કરવા અન્ય સંસ્થાઓ, સમુદાયો પર આધાર રાખવો પડે છે. સૌ પ્રથમ સામાજીક સંસ્થાને આપણે સમજવાનો પ્રયત્ન કરીએ તો,

રોટી, કપડા, મકાન જે મનુષ્યની અનિવાર્ય જરૂરિયાત છે એટલે કે સમાજ્માં રહેવા માટે આ મુખ્યરૂપ છે. તેવીજ રીતે શિક્ષણ પણ પાયાની અને સમાજમાં રહેવા માટે મેળવવું અનિવાર્ય છે, જે સામાજિક જરૂરિયાત કહેવાય છે. આ દ્રષ્ટિએ સામાજિક સંસ્થા એટલે કે,

- ❖ સમાજના દરેક વર્ગને નાતજાતના ભેદભાવ વગર ઉપયોગ કરવાની છૂટ.
- ❖ જ્યાં કોઈ ચોક્કસ કાર્ય પ્રણાલી, નીતિ નિયમોનો ઉપયોગ થતો હોય.
- ❖ સમાજની એક અથવા વધુ જરૂરિયાત સાથે સંકળાયેલ હોય.

અહી એ ચોક્કસ જણાવી શકાય કે સમાજ અને સંસ્થા એક સિક્કાની બે બાજુ છે. સમાજ વિના સંસ્થા ન સંભવી શકે, જ્યારે સંસ્થાના અભાવમાં સમાજ રચના કે વિકાસ શક્ય નથી.

ઉપરોક્ત બાબત પરથી એ વાતમાં કોઇ શંકા ને સ્થાન નથી કે ગ્રંથાલય એ પણ એક સામાજીક સંસ્થા છે. આ બાબતમાં ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. શંકર દયાલ શર્માએ પણ પુસ્તક ઉત્સવ દરમ્યાન પોતાનું સ્પષ્ટ મંતવ્ય રજુ કરેલ. તો ગુરૂવર રવિન્દ્રનાથ ટાગોરે પણ ગ્રંથાલયને સામાજીક સંસ્થાના રૂપમાં ગ્રંથાલયમાં માહિતી સામગ્રી એકત્રીત થાય તેમજ તેને વધુને વધુ ઉપયોગકર્તા મળે તે બાબત પર ભાર મુકેલ.

**ગ્રંથાલય અને તેના પ્રકાર : (Library and Types of Library)**

ગ્રંથાલયનું મહત્વ અને આવશ્યકતા ધ્યાનમાં લઇ સમાજના દરેક વર્ગના લોકો ગ્રંથાલય સેવાનો મહત્તમ ઉપયોગ કરી શકે તે માટે ગ્રંથાલયને વિવિધ પ્રકારમાં વહેંચેલ છે. જેમાં,

- ❖ સાર્વજનિક ગ્રંથાલય
- ❖ શૈક્ષણિક ગ્રંથાલય
- ❖ વિશિષ્ટ ગ્રંથાલય
- ❖ સંશોધન ગ્રંથાલય

પ્રકાર પાડેલ છે. જો કે સમય, શક્તિ, નાણાનો યોગ્ય ઉપયોગ અને ઉપયોગકર્તાની માહિતી જરૂરિયાત ધ્યાનમાં રાખતા ઉપરોક્ત ગ્રંથાલયના મુખ્ય પ્રકારોને ફરીથી પેટા વિભાગોમાં વહેંચવામાં આવે છે. જેમ કે બાળ ગ્રંથાલય, મહિલા ગ્રંથાલય, જેલ ગ્રંથાલય, હોસ્પિટલ ગ્રંથાલય, ફરતા ગ્રંથાલય, શાળા ગ્રંથાલય, મહાવિદ્યાલય ગ્રંથાલય, વિવિધ વિષયોમાં સંશોધન કાર્ય સાથે સંકળાયેલ ગ્રંથાલય. જોકે વર્તમાન સમયમાં Information Providers તરીકે Information Center, Data Center, Documentation Center, Information Analysis Center, Referral Center વગેરે કાર્યરત છે.

**ગ્રંથાલયની લાક્ષણિકતા : (Characteristics of Library)**

એક સામાજિક અને સાર્વજનિક સંસ્થાના રૂપમાં ગ્રંથાલયનો ફાળો ખુબજ અમુલ્ય છે. જે નીચે દર્શાવેલ લાક્ષણિકતા પરથી સમજી શકાશે.

- ગ્રંથાલય જાહેર જનતા માટે વિદ્યાપીઠ
- ગ્રંથાલય શિક્ષણનું જોડાણ કરાવે છે.
- ગ્રંથાલય સામાજિક એકતા લાવે છે.
- ગ્રંથાલય વાંચનવૃત્તિને ઉત્તેજન પુરુ પાડે છે, એક ઉદ્દીપક તરીકે કાર્ય કરે છે.
- સમાજનું સાંસ્કૃતિક સ્તર ઉંચુ લાવે છે તેમજ સમાજનાં સર્વાંગી વિકાસનું સાધન છે.
- વિષય નિષ્ણાંતોને જ્ઞાનની માહિતી અને સંશોધનકાર્યમાં મદદરૂપ થાય છે.

**ગ્રંથાલયના સામાજિક સંસ્થારૂપ કાર્યો : (Functions of Library as a Social Institute)**

સામાન્ય રીતે આધુનિક સમયમાં ગ્રંથાલયો જે કાર્યો કરે છે તે નીચે પ્રમાણે છે. જેનાથી ઉપયોગકર્તાની વિશિષ્ટ જરૂરીયાતની પૂર્તિ થાય છે.

- વાંચન સામગ્રીની પસંદગી, પ્રાપ્તિ, પરિગ્રહણ, વર્ગીકરણ, સૂચિકરણ કરવું.
- ગ્રંથાલય ઉપયોગકર્તા ની સભ્યરૂપે નોંધણી કરવી.
- વાંચન સામગ્રીનો ઉપયોગ થાય તે હેતુથી ઉપયોગકર્તાને આ વાંચન સામગ્રી Circulate કરવી.
- વિવિધ કાર્યો અને સેવાઓ પૂરી પાડવા યોગ્ય અને તાલિમ પામેલ કર્મચારીઓની નિમણુંક કરવી.
- ગ્રંથાલયની સર્વશ્રેષ્ઠ સેવાના રૂપમાં સંદર્ભ સેવા પૂરી પાડવી તથા સંદર્ભ સેવાના આધુનિક રૂપ એટલેકે માહિતી સેવા પૂરી પાડવી.
- ગ્રંથાલયોમાં સમયાંતરે જનસંપર્ક, પ્રચાર અને પ્રસાર સેવાઓનું આયોજન કરવું.
- પ્રચાર અને પ્રસાર સેવા દ્વારા ગ્રંથાલયને એક સામુદાયિક કેન્દ્રના રૂપમાં પરિવર્તીત કરવું.
- માહિતી સેવા અને પ્રલેખન સેવા દ્વારા ગ્રંથાલયને એક **Information Center** ના રૂપમાં વિકસિત કરવું.

- ગ્રંથાલયોમાં **Indexing**, **Abstracting, Reprographic**, **Translation**, **C.A.S., S.D.I.,** વગેરે સેવા ઉપરાંત **Network and Internet** ની સુવિધા પૂરી પાડવાની વ્યવસ્થા કરવી.
- શોધ, સંશોધન કાર્યમાં વૃધ્ધિ કરવી તેમજ શોધ કેન્દ્રોને સંગઠિત રૂપ આપવું.
- સાંસ્કૃતિક સંપત્તિનું રક્ષણ, પ્રલેખોની જાળવણી, અધ્યયન પ્રેરણા, ઔપચારિક અને અનૌપચારિક શિક્ષણમાં ફાળો આપવો.
- વ્યક્તિ માત્રના નવરાશના સમયને રચનાત્મક પ્રવૃત્તિ પાછળ વાપરવો.

ઉપરોક્ત કાર્યો પરથી એ સ્પષ્ટ જ છે કે વિદ્યાદાન એ શ્રેષ્ઠ દાન છે. જે જવાબદારી ગ્રંથાલયો એ ઉપાડી લીધી છે અને ગ્રંથાલય સમાજની વ્યક્તિને આજીવન શિક્ષણ, સ્વશિક્ષણ પ્રાપ્ત કરવામાં મદદરૂપ થાય છે. જેના દ્વારા વ્યક્તિ સમાજમાં માન મોભો પ્રાપ્ત કરે છે અને સમાજ પ્રત્યેનું પોતાનું ઋણ ચુકવી શકે છે.

ગ્રંથાલય પ્રવૃત્તિના તબક્કા અને ઔપચારિક, અનૌપચારિક શિક્ષણમાં ગ્રંથાલયનો ફાળો. (Library Activities and Role of Library in Formal and Informal Education)

**ગ્રંથાલય પ્રવૃત્તિને મુખ્યત્વે તબક્કામાં વિભાજીત કરીએ તો,**

- પ્રાચિન સમયની ગ્રંથાલય પ્રવૃત્તિ
- મધ્યકાલિન સમયની ગ્રંથાલય પ્રવૃત્તિ
- સ્વતંત્રતા પ્રાપ્તિ પહેલાની ગ્રંથાલય પ્રવૃત્તિ
- અદ્યતન સમયની ગ્રંથાલય પ્રવૃત્તિ

જ્યાં પ્રાચિન સમયમાં વિધ્વાનો અને ઋષિમુનીઓએ અનેક ગ્રંથો એક યા બીજા સ્વરૂપે રચ્યા હતાં. જે મંદિરો અને મઠોમાં રાખવામાં આવતા હતા. જોકે તક્ષશીલા, વિક્રમશીલા, નાલંદા, વલ્લભીપુર, ચાલુક્ય જેવી વિદ્યાપીઠો હતી અને તેમાં વિદ્યાભ્યાસ માટે ગ્રંથો, ગ્રંથાલયો હતા. જ્યારે મધ્યકાલિન સમયમાં કાગળની શોધ, મુદ્રણકળાનો આવિષ્કાર અને દિલ્હીના સમ્રાટોએ ગ્રંથાલય તરફ વિશેષ ધ્યાન આપેલ તે મહત્વરૂપ છે. સ્વતંત્રતા પ્રાપ્તિ પહેલા કલકત્તાનું સાર્વજનિક ગ્રંથાલય, બરોડા રાજ્યના શાસક સયાજી ગાયકવાડ ત્રીજાનો ફાળો, W.A. Bordan અને Dinkinson જેવા અમેરીકન ગ્રંથપાલોનું યોગદાન મહત્વરૂપ છે. જ્યારે અદ્યતન સમયમાં ડૉ. એસ. આર. રંગનાથનના પ્રયાસોનું ફળ, સરકારની પંચવર્ષિય યોજના દ્વારા ગ્રંથાલય પ્રવૃત્તિના વિકાસમાં મદદ અગ્રરૂપ બાબત છે.

**શૈક્ષણિક બાબત ધ્યાનમાં લઇએ તો શિક્ષણનાં જે પાંચ તબક્કાઓ માનવામાં આવ્યા છે. તે,**

- પ્રાથમિક શિક્ષણ
- માધ્યમિક શિક્ષણ
- ઉચ્ચ શિક્ષણ
- બુનિયાદી શિક્ષણ

❖ સામાજિક શિક્ષણ

છે. સામાન્ય મત પ્રમાણે શિક્ષણને બે ભાગમાં વહેંચવામાં આવે છે. જે અનુક્રમે સમજીએ

**ઔપચારિક શિક્ષણ : (Formal Education)**

ઔપચારિક શિક્ષણ મેળવવા વ્યક્તિએ શાળા, મહાશાળા, મહાવિદ્યાલય અને વિશ્વવિદ્યાલયનો સહકાર લેવો પડે છે. જેમાં ચોક્કસ નિયમો, અભ્યાસક્રમો, પરિક્ષાઓ, પદ્ધતિઓ વગેરેનો સમાવેશ થાય છે. તેમજ આ પ્રકારનું શિક્ષણ વર્ગખંડોમાં જ આપવામાં આવે છે. અહી વિષયોના પાઠ્યપુસ્તકોનો અભ્યાસ પુરતો ન હોવાના કારણે ઉંડાણપૂર્વક ગહન અને તલસ્પર્શી અભ્યાસ કરવા જેતે ઉપયોગકર્તાએ સંદર્ભ પુસ્તકોનું વાંચન કરવું પડે છે અને તે ગ્રંથાલયો દ્વારા જ શક્ય બને છે.

**અનૌપચારિક શિક્ષણ : (Informal Education)**

આ શિક્ષણ કોઇ શાળા, મહાશાળા, મહાવિદ્યાલય કે વિશ્વવિદ્યાલયમાંથી પ્રાપ્ત થતું નથી એટલે એમ ચોક્કસ કહી શકાય કે ઔપચારિક શિક્ષણ અમુક કક્ષાએ કે ઉંમરબાદ પુરૂ થઇ જાય છે. જ્યારે અનૌપચારિક શિક્ષણ આજીવન ચાલુ રહે છે જે વ્યક્તિ પોતાના રસ રૂચિ ઈચ્છા પ્રમાણે પ્રાપ્ત કરે છે. એટલે કે વ્યક્તિ પોતાના જીવનકાળ દરમિયાન જે કંઇ શીખે કે પ્રાપ્ત કરે એ અનૌપચારિક શિક્ષણ છે. જે માટે કામધેનુ સમાન ગ્રંથાલય ને ગણવામાં આવે છે. ખાસ કરીને સાર્વજનિક ગ્રંથાલય કે જ્યા જાતિ, ધર્મ, વર્ણ, સંપ્રદાય, ઉંમર, વિચારધારાના કોઈ ભેદ ને સ્થાન હોતુ નથી. આમ સમયનું બંધન, નિશ્ચિત અભ્યાસક્રમ, પાઠ્યક્રમની મર્યાદા જ્યાં ન હોય તેમ છતાં વ્યક્તિને આજીવન શિક્ષણ આપવામાં આવે  તે શિક્ષણ ગ્રંથાલયો દ્વારા શક્ય છે.

**ગ્રંથાલયોની બદલાતી જતી ભૂમિકા : (Changing Role of Library)**

પહેલાના સમયમાં ગ્રંથાલયોનું સ્થાન માહિતી સામગ્રીની શોભા વધારનાર હોય તેવુ હતું. એટલે કે વાંચન સામગ્રી સાંકળ વડે બાંધીને બંધ કબાટમાં રાખવામાં આવતી. જો કે વર્તમાન સમયમાં ઉપરોક્ત પરિસ્થિતિમાં ઘણો સુધાર થયેલ છે. હાલના ગ્રંથાલયોમાં Open Access System દાખલ કરવામાં આવેલ છે. જે ડૉ. એસ. આર. રંગનાથનના પાંચ સૂત્રોને ધ્યાનમાં રાખી ઉપયોગકર્તાની જરૂરિયાત સંતોષવામાં મહત્વની ભૂમિકા ભજવે છે.

**હાલ ગ્રંથાલયોમાં** Audio Video Resources ની સાથોસાથ જે તે ગ્રંથાલયોમાં Collection development, Cataloguing, Reference work ને મહત્વ આપવામાં આવે છે. ગ્રંથાલયો આજે આધુનિકતામાં પ્રવેશ પામતાં જોવા મળે છે. જેમાં ગ્રંથાલયો Digital Library, Automated Library, Paperless Library, Library without Wall, Virtual Library ના સ્વરૂપે જોવા મળે છે, કે જેમાં કોઇપણ કાર્ય Manual ન થતું હોય. ગ્રંથાલયો અને માહિતી કેન્દ્રોની બદલાતી ભૂમિકા માટે જે બાબતો જવાબદાર છે તેમાં,

- Technological changes
- Change in demands
- Change in services
- New information product

જવાબદાર છે. Library ની બાબતમાં મુખ્યરૂપથી I.T. એટલે કે Information Technology સંકળાયેલુ છે. ખાસ કરીને ગ્રંથાલયોના ટેકનિકલ કાર્યો અને ગ્રંથ સંગ્રહની માહિતીના આદાનપ્રદાનના સંદર્ભમાં વાત કરીએ તો,

- Library Management
- Library Automation
- Library Networking
- Xerox **અને** Reprographical Services
- Technical communication

ઉપરોક્ત કાર્યોમાં **I.T.** ના વિવિધ સાધનોનો ઉપયોગ કરવો જ રહ્યો. આજકાલ તો આપણે E-Book જેવો શબ્દ સાંભળતા થઇ ગયેલ છીએ. Electronic Document જુદા જુદા Format માં Save થઇને Computer દ્વારા Access થાય તે E–Text File ને જ E–Book કહેવાય છે. તેવીજ રીતે E-Journals, E-Resources તૈયાર થાય છે. તેમજ તેનો ઉપયોગ કરનાર વ્યક્તિને E-Book Reader તરીકે ઓળખવામાં આવે છે અને આ દરેક કાર્ય જે ગ્રંથાલય દ્વારા થાય તે E–Library કહેવાય છે. Internet અને E-Mail દ્વારા Books નું ખરીદ વેચાણ એટલે કે E–Business અને જે તે શિક્ષણને તેમાં સામેલ કરીએ તો E-Education.

ગ્રંથાલયોના સંદર્ભમાં આ બદલાવ જાહેર જનતા માટે એક આશિર્વાદરૂપ એટલે કે વિશ્વવિદ્યાલયને સાબિત કરવા પુરતું છે. કારણ કે આધુનિક સમયનાં ગ્રંથાલયો ઉપયોગકર્તાની વિવિધ પ્રકારની માંગ સંતોષવા વિવિધ નિષ્ણાંતોની મદદથી જે સેવાઓ પુરી પાડે છે તે ઉલ્લેખનીય છે અને તેમાં,

- Current Awareness Service
- Selective Dissemination of Information
- Indexing & Abstracting Service
- Literature Search Service
- Translation Service
- Reference Service
    - Ready Reference Service
    - Long Range Reference Service
- Document Delivery Service
- Reproduction Service

નો સમાવેશ થાય છે.

ઉપરોક્ત બાબતોની સાથો સાથ ગ્રંથાલયો એ સમય, શક્તિ અને નાણાનો સદ્ઉપયોગ કરવા એટલે કે બિનજરૂરી નાણાનો વ્યય ન થાય તે માટે Library Co-operation, Resource Sharing કે Library Consortia

નો અભિગમ સ્વીકાર્યો છે. એટલે કે No library can stand alone અને No longer can go it alone સુત્રોને ધ્યાનમાં રાખી સમયની માંગ સાથે ચાલવાનો અભિગમ અપનાવ્યો છે. કારણ કે,

- ❖ સાહિત્ય વિસ્ફોટ
- ❖ પ્રકાશન વૃદ્ધિ એટલે કે માહિતી ડુપ્લીકેશન
- ❖ પ્રકાશનોની કિંમત એટલે કે આર્થિક સમસ્યા
- ❖ ગ્રંથાલયોની મર્યાદિત આવક
- ❖ સ્થળ – સ્ટેશનરી – ફર્નિચરનો અભાવ
- ❖ ઉપયોગકર્તાની જાગૃતતા અને માંગ વૃદ્ધિ
- ❖ કર્મચારી અને નિષ્ણાંત વર્ગનો અભાવ
- ❖ ભાષા અને વિષયોમાં વૈવિધ્ય
- ❖ આધુનિક સેવાઓનું વધતુ જતુ મૂલ્ય
- ❖ આંતર વિષય સંબંધિત સંશોધન
- ❖ પાંચ સુત્રો અને ગ્રંથાલય ના ઉદ્દેશ્યો

ઉપરોક્ત બાબતોને ન્યાય આપવા માટે **Resource Sharing** જરૂરી છે જેનો સ્વીકાર આજના ગ્રંથાલયોમાં થઇ ચુકેલ છે અને ઉપયોગકર્તાની વિવિધ માહિતી જરૂરિયાત સંતોષવા એક આવશ્યક સંસ્થાના રૂપમાં સમાજસેવા પુરી પાડે છે.

**સમીક્ષા : (Conclusion)**

સમયના પ્રવાહ સાથે ચાલવું એ આજના સમયની માંગ છે. તેમજ સમય, શક્તિ, નાણાનો વ્યય થતો અટકાવવા અને ભૌગોલિક સીમારેખાને ધ્યાનમાં લેતા Total Quality પુરી પાડવા Technology ના સ્વરૂપનો ઉપયોગ કરવો આવશ્યક છે. કહેવાનો આશય એજ કે વધુને વધુ સરળતા સાથે ગ્રંથાલયના ઉપયોગકર્તાની માંગ પૂર્ણ કરવા તૈયાર રહેવું આવશ્યક છે. એટલે એમ કહેવામાં અતિશયોક્તિ નથી કે નવી સદી પ્રગતિ, પરિવર્તન અને પરંપરાગત પદ્ધતિમાંથી મુક્તિ માંગે છે. તેમજ Digital **Library** કે તેના જેવા જ પ્રકારનો ખ્યાલ આવકારદાયક છે. પરંપરાગત ગ્રંથાલય એ સમાજની પાયાની અને પ્રાથમિક જરૂરિયાત છે, પરંતુ તે પૂર્ણ સ્વરૂપ નથી. શું આપણે તેને પૂર્ણ સ્વરૂપ આપી શકીએ? તો આ પ્રશ્નનો જવાબ હા છે. **Technology** ના સાધનોની મદદથી વિશ્વસનીયતા, સુરક્ષિતતા તેમજ મર્યાદાઓ પ્રમાણમાં નહિવત્ હોય છે. આ નવો પરંતુ સમયને અનુરૂપ ખ્યાલ છે. જોકે આ માટે ગ્રંથાલય કર્મચારી, ઉપયોગકર્તા બંન્નેનો સહકાર જરૂરી છે. હાલ ગ્રંથાલયો એ આ જવાબદારી સહર્ષ સ્વીકારી લીધી છે તેમજ સાચા અર્થમાં ગ્રંથાલય જાહેર જનતા માટે એક વિશ્વવિદ્યાલયના સ્વરૂપમાં સ્થાપિત થઇ છે, અને પોતાની સેવા પુરી પાડે છે.

## સંદર્ભ


I. Kumar, Krishan (2008). Library organization. New Delhi: Vikas Publishing House Pvt. Ltd.
II. Kumar, P.S.G. (2003). Foundations of Library and Information Science. Delhi: B.R. Publishing Corporation.
III. Satyanarayana, N.R. (2003). A Manual of Library Automation and Networking. Lucknow: New Royal Book Co.
IV. Singh, Gurdev (2013). Information Sources, Services and Systems. Delhi: PHI Learning Private Limited.
V. Tripathi, S.K.M., Lal, C. and Kumar, K. (2014). Granthalay evam Samaj. New Delhi: Ess Ess Publications.
VI. Sinh, Rajesh Kumar (2011). Pushtakalay Suchana, Sanchar evam Samaj. New Delhi: University Publication.
VII. Sinh, Ajit (2012). Granthalayo Ka Itihaash tatha Vikas. Delhi: Aarya Publications.
VIII. Bhaiya, Chhagan (1978). Granthalay Sahakar Ane Sayojan. Ahmedabad: Gurjar Granthratna Karyalay.
IX. Wikipedia (N.D), Library
Retrived from http://en.wikipedia.org/wiki/library


****************************************************************************


**Dr. Jignesh Makwana**
Assistant Professor
PG Department of Library & Information Science
Sardar Patel University
Vallabh Vidyanagar
Anand


Copyright © 2012 – 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat